અપીલ અરજી નં.૨૦૮ તા.૧–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

સામાવાળાઃ– પર્સોનલ ઓફિસર (રીક્રુટમેન્ટ) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૭–૮–૧૦ ની અરજીથી અરજદારની તા.૧૮–૫–૧૦ ની આઈ.ડી. નં.૨૧૯ ની તા.૧૭–૬–૧૦ થી અપીલ અરજી નં.**SMC/FAP/**૧૦૩ ના હુકમ માં ડે.કમિ.(જન.) અને એપેલેટ ઓફીસરનાં તા.૨૮–૭–૧૦ ના પત્ર નં.આરટીઆઈ સેલ/૫૩૮ માં જણાવ્યા મુજબ સદર ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીની અરજદારે માંગેલ માહિતીનાં મુદ્દા નં.૨ અંગેના ફકત ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીનાં જ અ.જનજાતિના. સા.શૈ.પ. વર્ગના અને બિનઅનામતની ટકાવારીની સ્પષ્ટ, સત્ય અને યોગ્ય માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૦૮/૨૦૧૦–૧૧

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૭–૮–૧૦ ની અરજીથી તા.૧૮–૫–૧૦ ની આઈ.ડી. નં.૨૧૯ ની તા.૧૭–૬–૧૦ થી અપીલ અરજી નં.**SMC/FAP/**૧૦૩ ના હુકમ માં ડે.કમિ.(જન.) અને એપેલેટ ઓફીસરનાં તા.૨૮–૭–૧૦ ના પત્ર નં.આરટીઆઈ સેલ/૫૩૮ માં જણાવ્યા મુજબ સદર ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીની અરજદારે માંગેલ માહિતીનાં મુદ્દા નં.૨ અંગેના ફકત ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીનાં જ. અ.જનજાતિના. સા.શૈ.પ. વર્ગના અને બિન અનામતની ટકાવારીની સ્પષ્ટ, સત્ય અને યોગ્ય માહિતી આપવા બાબતે ઈ.ચા. પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી રીક્રુટમેન્ટના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૯૫૨ તા.૨૦–૯–૧૦ થી આપેલ માહિતી અસત્ય અને બોગસ આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૮૮ તા.૧૧–૧૦–૧૦ થી પર્સોનલ ઓફિસર (રીક્રુટમેન્ટ) અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ અરજીમાં ખોટી બોગસ માહિતીના દાવા અંગે તેમની કક્ષાએ આધાર હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૧૦૭૭ તા.૧૪–૧૦–૧૦ ના પત્રથી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, સેન્ટ્રલઝોન તરફથી પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટના તબદીલ કર્યાના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારીએ અરજદારને માહિતી અંગે દસ્તાવેજ ફી ભરવાના પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૦૬ તા.૧૬–૮–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારીએ માહિતી મેળવવા અંગે દસ્તાવેજ ફી ભરપાઈ કરવા પાઠવેલ સ્મૃતિ પત્ર નં.જીએડી/ ઈએસટી/ આર/ ૮૮૫ તા.૩–૯–૧૦ ના પત્રની નકલ, જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી અંગે પત્ર નં.જીએડી/ ઈએસટી/આર/૯૫૨ તા.૨૦–૯–૧૦ ના પત્રની નકલ, ડ્રાઈવરોના માર્કસના લીસ્ટની નકલ, અપીલ અરજી નં.૧૦૩ ના હુકમની નકલ અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી તેમનો તા.૧૬–૧૦–૧૦ નો રજૂઆત પત્ર મળેલ છે.

અરજદારની તા.૭–૮–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી પર્સોનલ ઓફિસર આરને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટી આઈ/ જાવક/૬૫૫ તા.૧૦–૮–૧૦ થી પર્સોનલ ઓફિસર રીક્રુટમેન્ટને મોકલવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૦૬ તા.૧૬–૮–૧૦ થી માહિતીની નકલના પાના દીઠ રૂા.૨/– લેખે કુલ પાના નંગ–૧૨ ના રૂા.૨૪/– જમા કરાવ્યા બાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે. તેવું જણાવવામાં આવેલ. ત્યાર બાદ માહિતી નહીં મેળવતા જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/આર/૮૮૫ તા.૩–૯–૧૦ થી માહિતી મેળવવાના પત્રની જાણ કર્યા છતાં નાણા જમા કરાવવા અંગે કાર્યવાહી કરવામાં આવેલ નથી . નાણા જમા કરાવવામાં નહીં આવશે તો માહિતી મેળવવામાં રસ નથી તેમ કરી અરજી દફતરે કરવામાં આવશે તેવો પત્ર પાઠવવામાં આવેલ. ત્યાર બાદ અરજદારે રસીદ નં.૮૮૮૭૧૩ તા.૧૭–૯–૧૦ થી રૂા.૨૪/– ભરપાઈ કરતા જાહેર માહિતી અધિકારી ડ્રાઈવરોની બનાવવામાં આવેલ પ્રતિક્ષા યાદીની નકલ, ટકાવારીની નકલ તેમજ ટકાવારીના ધોરણે બનાવવામાં આવેલ પ્રતિક્ષાયાદીની ટકાવારીની નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારે માંગેલ માહિતી ઈરાદાપૂર્વક સમજી વિચારીને અસત્ય બોગસ આપવામાં આવેલ છે તેવી રજૂઆત કરી તા.૧–૧૦–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. વધુમાં અરજદારે ૯૩ ડ્રાઈવરોના જાહેરાત નં.પીઆરઓ/૫૯૭/૦૬–૦૭ તા.૧૯–૩–૦૭ ની મુદ્દા નં.૨ અંગેની શીડયુલ ટ્રાયબના ૨૮ શા.સે.પ. વર્ગના ૧૭ બિન અનામત ૪૮ ની અનામતની ટકાવારી જાહેરાતમાં જણાવવામાં આવેલ હતી અને શીડયુલ કાસ્ટની એક પણ ટકાવારી અનામતમાં જણાવવામાં આવેલ નથી. તેમ છતાં ૧૦૨ ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીમાં ૮૭ બિન અનામત વર્ગમાં ૧૫ શીડયુલ કાસ્ટના ડ્રાઈવરોની પસંદગી કરેલ છે જે અમો અરજદારે બી આઈ. દેસાઈ ઈ.ચા. પર્સોનલ ઓફિસર આર ને તા.૨૦–૯–૧૦ ની યાદીમાં મોકલેલ છે. ફરીયાદની હકીકતથી અમો અરજદાર નારાજ અને

અસંતુષ્ટ થઈ અપીલ અરજી કરેલ છે તેવી રજૂઆત કરેલ છે. વધુમાં અરજદારે અપીલ તબકકે ખોટી બોગસ માહિતીના દાવાના આધાર રજૂ કરવા જણાવવામાં આવેલ. જે બાબતે અરજદારે તા.૧૬–૧૦–૧૦ ના પત્રથી અપીલ અરજીમાં કરેલ રજૂઆત પુનઃ દોહરાવવામાં આવેલ છે અને અનુસૂચિત જાતિ અને સા.શૈ. પ. ની બાદબાકી કરેલ છે અને અનુસૂચિત જન જાતિની અનામત રાખેલ નહીં તેવી ફરીયાદ નિવારણને લગતા તકરારી મુદ્દાઓની રજૂઆત કરેલ છે. અરજદારે અપીલ અરજી માં જ લીસ્ટ ટકાવારી મોકલી આપેલ જણાવેલ છે. આમ અરજદારે મુળ અરજીમાં ડ્રાઈવરોની પ્રતિક્ષાયાદીની અનુસૂચિત જન જાતિ સા.શ. પ. અને બિન અનામતની ટકાવારી માંગેલ છે જે માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. વધુમાં અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરક વિગતોમાં એ પણ સ્પષ્ટતા કરેલ છે કે ડ્રાયવરોની પ્રતિક્ષાયાદી બનાવવામાં આવેલ છે. જે પૈકી શી.ટ્રા. ના –૨૮ ઉમેદવારો, સા.શૈ. પછાત વર્ગના–૯૪ ઉમેદવારો તેમજ બિન અનામત જાતિના ૧૦૨ ઉમેદવારોની બનાવવામાં આવેલ છે. જેની નકલ અરજદારને પાઠવવામાં આવેલ છે. જેથી અરજદારશ્રી તરફથી કરવામાં આવેલ રજૂઆત બાબતે ૧૦૨ ડ્રાયવરોની પ્રતિક્ષાયાદી બનાવવામાં આવેલ ન હોય પરંતુ ઉપયુકર્ત જણાવ્યા મુજબના કુલ ૨૨૪ ઉમેદવારોની પ્રતિક્ષાયાદી તૈયાર કરવામાં આવેલ છે અને તેઓની ટકાવારી સહિતની માહિતી અરજદારને આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૭–૮–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. ફરીયાદ નિવારણ અને તકરારી બાબત અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવા અરજદાર સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) પર્સોનલ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (રીક્રુટમેન્ટ)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,